1. ''સંવેદન'' એટલે શું?

- ''સંવેદન''એટલે જ્ઞાનેન્દ્રિયો દ્વારા થતો ઉદ્દીપકનો અનુભવ.
- કોઈ પણ પ્રકારના બાહ્ય ઉદ્દીપકની અસર માનવીની જ્ઞાનેન્દ્રિયો પર થાય જેનાથી તેના અતરવાહી તંતુઓ ઉત્તેજાય અને મગજના ચોક્કસ ભાગને સંદેશો પહોંચે તેને ''સંવેદન'' કહે છે.
- ''સંવેદન'' એટલે સભાનતામાં સર્જાતું એવું પરિવર્તન કે જે ચેતાતંતુઓની અસાધારણ ઉત્તેજના મગજમાંના સંવેદન વિસ્તાર કેન્દ્રો સુધી પહોચવાથી ઉત્પન્ન થાય છે.

2. ''ધ્યાન વિચલન'' એટલે શું?

- ' મન વિચલને  એટલે એક ઉદ્દીપક પરથી બીજા ઉદ્દીપક પર અને બીજા ઉદ્દીપક પરથી ત્રીજા ઉદ્દીપક પર અથવા એક જ ઉદ્દીપકના વિવિધ ભાગો પર ધ્યાન બદલાવાની ક્રિયા.'
- ' ધ્યાન સ્થિર રહેતું નથી. વારંવાર બદલાયા કરે છે. આ ધ્યાનનું મહત્ત્વનું લક્ષણ છે. ધ્યાનની આવી અસ્થિરતાને ધ્યાન વિચલન કહે છે.'

3. ધ્યાનનાં લક્ષણો જણાવો.

- ધ્યાનનાં લક્ષણો નીચે પ્રમાણે છે :
  - ✓ (1) ધ્યાન પસંદગીયુક્ત પ્રક્રિયા છે.
  - ✓ (2) ધ્યાન સમાયોજનાત્મક છે.
  - ✓ (3) ધ્યાન શોધનાત્મક છે.
  - ✓ (4) ધ્યાન ભવિષ્યલક્ષી છે.
  - ✓ (5) ધ્યાન પ્રેરણાત્મક છે.
  - ✓ (6) ધ્યાનને સીમાપ્રદેશ અને કેન્દ્રપ્રદેશ હોય છે.

4. ''રૈખિક પરિપ્રેક્ષ્ય'' ક્યા સંકેતમાં થાય છે ? કેવી રીતે?

- ''રેખિક પરિપ્રેક્ષય'' ઊંડાઈ અને અંતરના સંકેતમાં થાય છે.
- સમાન અંતરની રેખાઓ દુર જતા ક્ષિતિજ તરફ કોઈ બિંદુએ નેત્રપટ પરની પ્રતિમાં એકઠી થતી દેખાય તેને ''રૈખિક પરિપ્રેક્ષ્ય'' કહે છે.
- રેલવેના બે પાટાઓ વચ્ચે ઊભા રહી દૂર સુધી નજર નાખતાં દૂરના અંતરે પાટા એકબીજાની નજીક આવતા દેખાય છે. આનું કારણ ''રૈખિક પરિપ્રેક્ષ્ય'' છે.

5. ચિત્રકારો અને નાટ્ય નિર્દેશકો દૂરના અંતર માટે કયા સંકેતનો ઉપયોગ કરે છે ? કેમ?

- ચિત્રકારો અને નાટ્ય નિર્દેશકો દૂરના અંતર માટે એકનેત્રીય સંકેતનો ઉપયોગ કરે છે.
- ચિત્રકારો પોતાના ચિત્રમાં સાપેક્ષ અંતર દર્શાવવા એક નેત્રીય સંકેતનો ઉપયોગ કરે છે.
- નાટ્ય નિર્દેશકો એકનેત્રીય સંક્તને ધ્યાનમાં લઈને સ્ટેજ પર અંતરનો ભાસ ઊભો કરવા વચ્ચે પાતળા કપડાની જાળીના પડદાની ગોઠવણ કરે છે, તેથી સ્ટેજ પર આને કારણે દશ્ય ઝાંખું અને અસ્પષ્ટ રજૂ કરી શકાય છે.

## 6. 'નેત્રમણિનું' અનુકૂલન એટલે શું?

- કૃષ્ણમંડળના સ્નાયુઓ પ્રકાશની તીવ્રતા પ્રત્યે અતિ સંવેદનશીલ હોય છે.
- જો પ્રકાશનું પ્રમાણ વધે, તો કૃષ્ણમંડળના સ્નાયુઓ વિસ્તાર પામે છે. પરિણામે કીકી નાની બને છે.
- જો પ્રકાશનું પ્રમાણ ઘટે, તો કૃષ્ણમંડળના સ્નાયુઓ સંકોચાય છે. પરિણામે કીકીનું કદ વધે છે.
- આમ, નજીકના કે દુર રહેલા પદાર્થના સંવેદન માટે નેત્રમણિ અને સિલીયરી સ્નાયુઓનું અનુકૂલન જવાબદાર છે.

## 7. ધ્યાનને આકર્ષવારા વ્યક્તિલક્ષી ઘટકો જણાવો ?

- ધ્યાનને આકર્ષવારા વ્યક્તિલક્ષી ઘટકો આ પ્રમાણે છે :
  - ✓ (1) વ્યક્તિનો રસ કે અભિરુચિ,
  - ✓ (2) વ્યક્તિની જરૂરિયાત,
  - ✓ (3) વ્યક્તિની ટેવ,
  - ✓ (4) વ્યક્તિનું શિક્ષણ અને
  - ✓ (5) વ્યક્તિની મનોશારીરિક સ્થિતિ.

## 8. "ધ્યાનનો કેન્દ્રપ્રદેશ" એટલે શું ?

- વાતાવરણમાંના જે પદાર્થો આપણી ચેતનામાં સ્પષ્ટપણે હાજર હોય તેને ધ્યાનનો કેન્દ્રપ્રદેશ કહે છે.
- ધ્યાનનો કેન્દ્રપ્રદેશ મર્યાદિત છે તેથી કોઈ પણ સમયે માત્ર એક જ બાબત ધ્યાનનું કેન્દ્ર બની શકે છે.
- અંધારા ઓરડામાં કોડિયામાં સળગતી મીણબત્તી કેન્દ્ર પ્રદેશ તરીકે ભૂમિકા ભજવે છે.

## 9. "સાપેક્ષ કદ" સમજાવો.

- "સાપેક્ષ કદ" એ દષ્ટિ સંવેદન પૂરાં પાડે છે.
- કોઈ પણ વસ્તુ કે પદાર્થ જોતી વખતે જો તે હોય તેના કરતાં નાનો લાગે તો તે દૂર છે અને મોટો કે યોગ્ય કદનો લાગે તો તે નજીક છે, એમ માનવામાં આવે છે.
- આમ, અંતરને કારણે દષ્ટિ સંવેદનમાં સાપેક્ષ દશ્ય કેદની દષ્ટિએ નાનું કે મોટું આપણા નેત્રપટ પર પડે છે, છતાં જે-તે પદાર્થનો પરિચય અને અનુભવ વાસ્તવિક રીતે જ આપણા મનમાં થાય છે.

## 10. "ધ્યાન પ્રેરણાત્મક છે." વિધાન સમજાવો ?

- વ્યક્તિ જ્યારે કોઈ પણ ઉદીપક પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે તે ઉદીપક પાછળ અમુક ચોક્કસ ઇચ્છા કે હેતુનું પરિબળ જવાબદાર હોય છે.
- કારણ કે, વ્યક્તિ કોઈ પણ પ્રકારની પ્રેરણા, ઇચ્છા, લક્ષ્ય, ઉદેશ્ય કે મનોવૃત્તિથી પ્રેરિત થઈને જ કોઈ વસ્તુ, પદાર્થ કે વ્યક્તિ તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે.
- વર્તમાનપત્રમાં અનેક પ્રકારના સમાચારો, માહિતી અને જાહેરખબર હોય છે. પરંતુ તેમાંથી વ્યક્તિને જેવી પ્રેરણા હશે તેવા સમાચાર તે વાંચશે. દા. ત., નોકરી મેળવવાની ઇચ્છા રાખનાર નોકરીની જાહેરાત વાંચશે, ક્રિકેટમાં રસ ધરાવનાર વ્યક્તિ ક્રિકેટના સમાચાર વાંચશે.
- આમ, ધ્યાન પ્રેરણાત્મક છે.

11. ચિત્ર દોરતી વખતે ચિત્રકાર શા માટે કેટલાક માણસોની આકૃતિને સ્પષ્ટ અને મોટી બતાવે છે, જ્યારે બીજા માણસોની આકૃતિને ઝાંખી અને નાની બતાવે છે?

- અંતરના પ્રત્યક્ષીકરણમાં વાયુગત પારદર્શન તથા પરિચિત પદાર્થનું સાપેક્ષ કદ અગત્યનો ભાગ ભજવે છે.
- નજીકમાં રહેલી માણસની આકૃતિની રેખાઓ સ્પષ્ટ દેખાય છે.
- દૂરના માણસની આકૃતિની રેખાઓ વાતાવરણની અસરને લીધે અસ્પષ્ટ અને ઝાંખી દેખાય છે. એ જ પ્રમાણે કોઈ પણ આકૃતિની દષ્ટિએ નાની દેખાતી આકૃતિ દૂર હોય છે અને મોટી દેખાતી આકૃતિ નજીક હોય છે.
- આથી, જો વ્યક્તિને નજીક દર્શાવવો હોય, તો ચિત્ર દોરતી વખતે ચિત્રકાર તે વ્યક્તિની આકૃતિને સ્પષ્ટ અને મોટી બતાવે છે, જ્યારે જે વ્યક્તિને દૂર દર્શાવવો જે હોય તે વ્યક્તિની આકૃતિને ઝાંખી અને નાની બતાવે છે.